## ॐ શં શનેશ્વરાય નમ: શનિ જયંતીએ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ





■ શનિ જયંતિ 16 મે ના રોજ શનિશ્ચરી અમાસ સાથે ઉજવવામાં આવી હતી. આ દિવસને બમણું ફળદાયી બનાવે છે. શનિ અમાસ પર ઉપવાસ અને શનિદેવની પૂજા કરવાનું વિશેષ મહત્ત્વ છે, તેથી આ સંયોગ ભક્તો માટે અત્યંત શુભ માનવામાં આવે છે. આ દિવસે શહેરના શનિ મંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી પડી હતી. શનિ ભગવાન પર તેલ ચઢાવી કૃપા કરવા પ્રાર્થના કરી હતી.

(તસવીર: સતીષ જાદવ)

# પાલમાં IPL પર સટ્ટો રમાડતા આંતરરાજ્ય રેકેટનો પર્દાફાશ

**‘ખલીફા-૩૬૫’** આઈડીથી સટ્ટો રમાડતો બુકી પકડાયો

**માસ્ટર** આઈડી આપનાર મુખ્ય સૂત્રધાર ‘રાજ’ સહિત ૩ સટ્ટોડિયા ફરાર

સુરતઃ હાલ દેશભરમાં ક્રિકેટનો મહાકુંભ આઈપીએલ ચાલી રહ્યો છે, ત્યારે સુરતના પાલ વિસ્તારમાં ઓનલાઈન આઈડી આપીને કરોડો રૂપિયાની હારજીતનો જુગાર રમાડતા એક આંતરરાજ્ય સટ્ટા રેકેટનો પી.સી.બી. પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે ગુપ્ત બાતમીના આધારે પાલ રોડ પર દરોડો પાડીને લાઈવ મેચ પર સટ્ટો રમાડતા એક રીઢા બુકીને રંગેહાથ દબોચી લીધો છે. જ્યારે આ કૌભાંડમાં કમિશનના જોરે સુપર અને માસ્ટર આઈડી આપનારા મુખ્ય સૂત્રધાર સહિત અન્ય ત્રણ સટ્ટોડિયાને વોન્ટેડ જાહેર કરી તેમને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પીસીબી પોલીસને બાતમી મળી હતી કે, પાલ ગામ રોડ પર આવેલા ફોરચ્યુન મોલ પાસે, ‘જેકીની ધમાલ’ નામની દુકાનની સામે એક ઈસમ મોબાઈલમાં આઈપીએલની લાઈવ મેચો પર ઓનલાઈન સટ્ટો રમાડી રહ્યો છે. બાતમીના આધારે પીસીબીની ટીમે રેડ પાડી સ્થળ પરથી અવી ઉર્ફે અક્ષુ દીપકભાઈ પટેલ (રહે., ખટોદરા, સુરત) નામના બુકીને ઝડપી પાડ્યો હતો. આરોપીએ કબૂલાત કરી હતી કે તેણે પાલ વિસ્તારના જ ‘રાજ ઉર્ફે મુકુ’ નામના સટ્ટાના મોટા ગજાના ગરાસિયા પાસેથી ‘ખલીફા૩૬૫’ (Khalifa365) નામની ઓનલાઈન સટ્ટાબાજીની વેબસાઈટની માસ્ટર આઈડી મેળવી હતી. આ માસ્ટર આઈડીના યુઝરનેમ અને પાસવર્ડનો દુરુપયોગ કરીને ‘ક્લાયન્ટ આઈડી’ (ગ્રાહક લોગિન) બનાવી આપતો હતો પોલીસે ઝડપાયેલા બુકી અવી પાસેથી સટ્ટો રમાડવા માટે ઉપયોગમાં લેવાતો રૂપિયા ૧,૦૦,૦૦૦તનો સ્માર્ટફોન જપ્ત કર્યો છે. આ ઉપરાંત, મોબાઈલની ઊંડાણપૂર્વક તપાસ કરતા તેમાંથી ગ્રાહકો સાથે થયેલા વ્યવહારો દર્શાવતા ૯ જેટલા મહત્ત્વના સ્ક્રીનશોટ પુરાવા તરીકે રિકવર કર્યા છે. ન માસ્ટર આઈડી આપનાર મુખ્ય આરોપી રાજ ઉર્ફે મુકુ તેમજ તેની પાસે સટ્ટો રમતા કસ્ટમર ભોલુ ડુમસ અને યશ માનીયો નામના શખ્સો પોલીસને હાથ લાગ્યા નહોતા.

## સંક્ષિપ્ત સમાચાર

### યુનાઈટેડ ફીઝિયો એસો.ના નવા હોદ્દેદારનો પદગ્રહણ સમારોહ યોજાયો



સુરતઃ યુનાઈટેડ ફીઝિયો એસો.ની વર્ષ 2026-27ની નવી કાર્યકારી સમિતિનો ઇન્સ્ટોલેશન સમારોહ તા. 10 મેના રોજ અમોર ડુમ્મસ રોડ ખાતે યોજાયો હતો. નવી સમિતિમાં પ્રમુખ તરીકે ડો. જોય ચોકસી અને સચિવ તરીકે ડો. રવિ લાકડાવાળાની નિમણૂક કરવામાં આવી હતી. સાથે સાથે નવી કાર્યકારી સમિતિના તમામ પદાધિકારીઓએ પણ પોતાની જવાબદારીઓ સંભાળી હતી. આ ઇન્સ્ટોલેશન સમારોહમાં 250થી વધુ ફીઝિયોથેરાપી તજજ્ઞ ડોક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત વિવિધ ડોકટર એસો.ના પદાધિકારીઓએ પણ હાજરી આપી હતી.

### એક્સપરિમેન્ટલ સ્કૂલે પ્રવેશ આપતાં દિવ્યાંગ ચાર્મી દેસાઈએ વિજ્ઞાનમાં સફળતા



સુરત:દૃષ્ટિબાધિત હોવા છતાં અને ધોરણ 10 સુધી અંધશાળામાં અભ્યાસ કર્યા પછી સામાન્ય શાળામાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા માંગતી દિવ્યાંગ ચાર્મી દેસાઈને સાર્વજનિક એજ્યુકેશન સોસા.ની RSM એક્સપરિમેન્ટલ સ્કૂલ દ્વારા પુરો સહકાર આપવામાં આવ્યો. સ્કૂલ દ્વારા આ મામલે ગુજરાત શિક્ષણ બોર્ડ સમક્ષ રજૂઆત કરવામાં આવી અને તેને પ્રવેશ આપવામાં આવ્યો. જેને પગલે ચાર્મી દેસાઈએ તાજેતરમાં જાહેર થયેલા પરિણામોમાં સફળતા મેળવી હતી. ચાર્મી દેસાઈના આ પ્રકરણને પગલે હવે દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પણ આ રીતે શિક્ષણના દ્વાર ખૂલવા પામ્યા છે.

### સંબંધના ક્ષેત્રે ભીનાશ, મીઠાશ ભળે છે તો સંબંધો મજબૂત બને: પદ્મદર્શનસૂરિજી



મુંબઈ: અંધેરી (પૂર્વ) શ્રી સીમંધર સ્વામી જૈન સંઘ સ્થિત સરસ્વતી ટાવર ઉપાશ્રયમાં યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસપ્રવર ચન્દ્રશેખરવિજયજી મહારાજાનાં પ્રભાવક પ્રવચનકાર આ. પદ્મદર્શનસૂરિજી મહારાજ અને પ્રીતદર્શનવિજયજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પધરામણી થતાં જયંતભાઈ નેમચંદભાઈ ગાંધી પરિવાર દ્વારા ઢોલનગારા સાથે ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. જેમાં કપડવંજવાસીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સામૈયા બાદ પૂજ્ય આચાર્યપ્રવરનું પ્રવચન થયું હતું. પ્રવચન બાદ ગાંધી પરિવાર દ્વારા નવકારશી રાખવામાં આવી હતી. મુનિ પ્રીતદર્શનજીએ સભાને સંબોધી હતી. આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણી વહાવતા જણાવ્યું હતું કે, દૂધમાં મેળવણ પડે તો દહીં બને છે પણ લીંબુનાં બે ટીપાં પડે તો દૂધ ફાટી જાય છે. સંબંધના ક્ષેત્રે ભીનાશ અને મીઠાશ ભળે છે તો સંબંધો મજબૂત બને છે. પણ જો સંબંધોમાં કટુતા કે કર્કશતા ભળે છે તો સંબંધોની દિવાલ ધ્વસ્ત થઈ જશે.

### જાણીતા ડર્મેટોલોજિસ્ટ ડો. રાજેશ બુદ્ધદેવને ગિનીશ બૂક દ્વારા પ્રમાણપત્ર એનાયત કરાયું



સુરત: જામીતા ડર્મેટોલોજીસ્ટ ડો. રાજેશ બુદ્ધદેવની વિશ્વભરમાં થયેલી ઐતિહાસિક સિદ્ધિમાં યોગદાન આપવા બદલ ગિનીઝ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા ભાગ લીધા બદલનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. આ પ્રમાણપત્ર ચામડી, વાળ, નખ, કુષ્ઠરોગ અને જાતીય આરોગ્યની સેવા ઈમાનદારી અને કરુણાભાવ સાથે કરવા માટે તેમને મળ્યું છે.

### આજથી શરૂ થતી વિશેષ શ્રવણ સાધના અને આરાધનામાં ભાગ લેવા માટે

સુરતઃ ચિન્મય સેવા ટ્રસ્ટ, સુરત, શ્રી દશાબાજ વણિક જ્ઞાતિ મંડળ અને સમસ્ત વૈષ્ણવ સમાજ તથા ડો. વિનોદ હીરાલાલ શાહ પરિવાર દ્વારા સ્વ. સવિતાબેન હીરાલાલ શાહના સ્મર્ણાર્થે આવતીકાલથી શરૂ થતા અધિક માસસમાં ઘોડદોડ રોડ, ત્રિનિધિ એપાર્ટમેન્ટ, બી વિંગ, 36માં વિશેષ શ્રણવ સાધના અને આરાધનાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 17મી મેથી 15 જૂન સુધી શ્રીમદ્ ભાગવત સ્કંધ 11માં બ્ર. સુધા ચૈતન્ય દ્વારા વકતવ્ય રજૂ કરવામાં આવશે. સાથે સાથે ઉન્દ્ધવ સંવાદ, યદુવંશનો સંહાર, શ્રી કૃષ્ણની અંતિમ લીલા, અવધૂત ગીતા પણ રજૂ થશે.

### ડુમસની ગોવર્ધનનાથજીની હવેલી ખાતે અધિક માસ નિમિત્તે આજથી વિવિધ મનોરથો

સુરતઃ આવતીકાલથી શરૂ થઈ રહેલા અધિક માસ અંતર્ગત ડુમસ રોડ ઉપર સ્થિત શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે રવિવારથી વિવિધ મનોરથોનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવાર તા. ૧૭ મે નાં રોજ સવારે આઠ કલાકે શ્રીનાથજી પ્રાગટ્યની ઝાંખી અને સાંજે સપ્ત નિધી સ્વરુપ દર્શન નાં આયોજન સાથે અધિક માસની ઉજવણીનો પ્રારંભ થશે. સંપુર્ણ માસ દરમ્યાન દરરોજ સાંજે પાંચ કલાકે કથાકાર ભરતભાઈ દવેનાં મુખે અધિકમાસની કથાનો લાભ વૈષ્ણવોને મળશે. અધિક માસ દરમ્યાન આવતી બન્ને એકાદશીએ તા ૨૭ મે અને ૧૧ જુનનાં દિવસે શ્રી રાધાપુરુષોત્તમને તુલસી ધરાવવાનાં કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વૈષ્ણવોને મોટી સંખ્યામાં બધાં મનોરથોનો લાભ લેવા માટે ટ્રસ્ટ દ્વારા જણાવાયું છે.

### પંચમ્ ગ્રુપ દ્વારા રવિવારે ફિરોઝ-સંજય ખાન, મીનાકુમારી-મુમતાઝનાં ફિલ્મી ગીતોની સ્પર્ધા

સુરતઃ ‘ગા મેરે મન ગા’ શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા અભિનેતા ફિરોઝ ખાન સંજય ખાન તેમજ અભિનેત્રી મીનાકુમાર અને મુમતાઝના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્રમ આગામી રવિવાર તા.૧૭મી મેના બપોરે ૪થીટ કલરવ સ્ટુડિયો, ૧૦૨, ટાઇમ સ્ક્વેર, મારુતિ ટુ વેલ્યુની સામે, ગૌરવપથ, પાલ, સુરત ખાતે રાખવામાં આવ્યો છે. કાર્યક્રમ માણવા માટે કોઇ પ્રવેશ ફી નથી.

### દ.ગુ. જ્યોતિષ મંડળ દ્વારા તા.17મી મેથી જ્યોતિષવર્ગની શરૂઆત

સુરતઃ દ.ગુ. જયોતિષ મંડળ, ૧લા માળે, સનાતન હોલ, સુરત જનરલ હોસ્પિટલ સામે, બાલાજી રોડ, સુરત સ્થિત સંસ્થા દ્વારા વર્ષોથી નિયમિત ચાલતા જયોતિષવર્ગનું નવું સત્ર આગામી તા. ૧૭-૦૫-૨૦૨૬ રવિવાર થી શરૂ થશે. સત્ર અવધિ છ (૬) માસ ની છે. આ વર્ગ દર રવિવારે સવારે ૧૦:૦૦ કલાકથી ૧૨:૦૦ કલાક સુધી ચાલશે. પ્રવેશ સંખ્યા મર્યાદિત હોય ‘વહેલા તે પહેલા’ના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. જયોતિષના અભ્યાસમાં રૂચિ ધરાવનાર કોઈપણ વ્યક્તિ આ વર્ગમાં પ્રવેશને પાત્ર છે, પ્રવેશ ઈચ્છુકે સવારે સનાતન હોલ આવી રૂબરૂ મળવું અથવા મોબાઈલ પર સંપર્ક કરવો*

# પુણામાં ઢોર માર મારી પત્નીને મોતને ઘાટ ઉતારતો પતિ

**લગ્ન** બાદથી જ આપતો હતો શારીરિક-માનસિક ત્રાસ, પોલીસે પતિની ધરપકડ કરી

સુરતઃ પુણા પોલીસ સ્ટેશનની હદમાં ઘરેલુ હિંસા અને અત્યાચારની સીમાઓ વટાવીને એક પતિએ પોતાની જ પત્નીની હત્યા કરી નાખતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મૂળ ઉત્તર પ્રદેશના વતની રીતુબેન દેવેન્દ્રસીંગ યાદવ (ઉં.વ.૪૫) ની દીકરી રેણુબેન (ઉં.વ.૩૧) ના લગ્ન યુપીના જ પ્રયાગરાજ (ફુલપુર)ના વતની અને હાલ સુરતના ઉમરવાડા, રાજીવનગર ઝૂંપડપટ્ટીમાં રહેતા અભિમાનચંદ્ર જૌખુલાલ પટેલ (કુર્મી) સાથે થયા હતા. આરોપ છે કે, આરોપી અભિમાનચંદ્રએ વર્ષ ૨૦૨૩માં રેણુબેનને ડરાવી-ધમકાવીને લગ્ન કર્યા હતા. લગ્ન સમયથી જ આરોપી પતિ પોતાની પત્ની પર શંકા રાખીને તેને અમાનુષી શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો. પતિ દરરોજ કોઈકને કોઈક હથિયાર કે સાધન વડે પરિણીતાને બેરહેમીથી ફટકારતો હતો. ૧૩/૦૫/૨૦૨૬ ના રોજ બપોરે ઉમરવાડા સ્થિત ઘર નંબર ૭૩૯માં બંને વચ્ચે ઝઘડો થયો હતો. આવેશમાં આવેલા પતિ અભિમાનચંદ્રએ રેણુબેનને આખા શરીરે કોઈક ઘાતક મારક સાધન આડેધડ ઝીંકી દીધા હતા. ગંભીર ઈજાઓ અને અતિશય લોહી વહી જવાના કારણે નિર્દોષ રેણુબેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ભયાનક હત્યાકાંડ અંગે મૃતકની માતા રીતુબેને સુરત આવીને પુણા પોલીસ મથકમાં નરાધમ જમાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પુણા પોલીસે આરોપી અભિમાનચંદ્ર પટેલ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

# માત્ર 7 ટકાના મેકિંગ ચાર્જમાં જ જૂનીમાંથી નવી જ્વેલરી બનશે

**વડાપ્રધાનની** અપીલને પગલે સુરત જ્વેલરી એસો.ના 800 જ્વેલર્સનો નિર્ણય, કોઈને છૂટા પણ નહીં કરાય



સુરતઃ દેશવાસીઓને એક વર્ષ સુધી નવું સોનું અને દાગીના ખરીદવાથી પરેહેજ રાખી જૂના સોના-ચાંદીના ઘરેણાંનો ઉપયોગ કરવાની કરાયેલી અપીલને હવે સુરતના જ્વેલરી ઉદ્યોગ તરફથી વ્યાપક સમર્થન મળ્યું છે.આજે યોજાયેલી બેઠકમાં સુરત જ્વેલરી એસોસિએશને વડાપ્રધાનના આહ્વાનને રાષ્ટ્રીય હિત સાથે જોડીને મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. જ્વેલર્સ 7 ટકા જ મજૂરી લઈને જૂનામાંથી નવા દાગીના બનાવી આપશે. સાથે સાથે આ માહોલમાં પણ સેલ્સમેન, સેલ્સ ગર્લ્સ, કેશિયર, ડિલીવરીમેન, વોચમેન, જ્વેલરી બનાવનાર કારીગરો કોઈને છૂટા કરાશે નહીં.

સુરત જ્વેલરી એસોસિએશનના પ્રમુખ પ્રતાપભાઇ જીરાવાળાએ જણાવ્યું હતું કે, શહેરના આશરે 800 જેટલા જવેલર્સની બેઠક યોજાઈ હતી, જેમાં સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું કે, હવે 22 કેરેટ જૂની જ્વેલરીમાંથી નવી ડિઝાઈનના ઘરેણાં તૈયાર કરવા માટે અત્યાર સુધી લેવામાં આવતા 12 ટકા મેકિંગ ચાર્જના બદલે ફ્લેટ 7 ટકા મેકિંગ ચાર્જ જ લેવામાં આવશે. વડાપ્રધાનની અપીલને ધ્યાનમાં રાખીને જ્વેલરી એસોસિએશને વીજળી બચત માટે પણ પગલાં લેવાની જાહેરાત કરી છે. અનાવશ્યક રીતે ચાલુ રહેતા લાઇટ, પંખા અને એસીનો ઉપયોગ ઘટાડવામાં આવશે. ગ્રાહકો આવશે ત્યારે જ વર્કિંગ એરિયામાં લાઇટ અને એસી શરૂ કરવામાં આવશે. જ્યાં બે વોચમેન હોય ત્યાં પાળી પદ્ધતિથી ફરજ સોંપવામાં આવશે, જેથી ખર્ચમાં બચત થાય અને કર્મચારીઓની નોકરી પણ સુરક્ષિત રહે.

## વાલક પાટિયા પાસે બેદરકારીભર્યા અકસ્માતમાં હેલ્પરનું મોત

સુરત : સુરતના વાલક પાટિયા વિસ્તારમાં આજે સવારે એક ગંભીર ઔદ્યોગિક અકસ્માતમાં ક્રેનમાં હેલ્પર તરીકે કામ કરતા ૪૪ વર્ષીય શ્રમિકનું કરુણ મોત નીપજતાં ચકચાર મચી ગઈ હતી. મૂળ બિહારના અને હાલ સુરતના કતારગામમાં રહેતા નગેન્દ્રકુમાર કનૈયા યાદવ પંડોળ સ્થિત ક્રેન ઓફિસમાં હેલ્પર તરીકે નોકરી કરતા હતા. આજે સવારે નગેન્દ્રકુમાર ક્રેન ઓપરેટર સાથે લસકાણા સ્થિત અમૃત ઉદ્યોગનગરમાં એમ્બ્રોઈડરી મશીન શિફ્ટ કરવા જતાં હતા. દરમિયાન વાલક પાટિયા નજીક અચાનક ક્રેન ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે નગેન્દ્રકુમાર ચાલુ ક્રેનમાંથી નીચે પટકાયા હતા. દુર્ભાગ્યે, તે જ સમયે ક્રેનનું પાછળનું પૈડું તેમના શરીર પરથી ફરી વળતાં ગંભીર ઈજાના પગલે સ્થળ પર જ તેમનું મોત થયું હતું.

## વેલંજાની ધો.૧૦ની વિદ્યાર્થિની સાથે છેડતી, બે પકડાયા

સુરતઃ વેલંજા વિસ્તારમાં રહેતી અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતી ગુજરાતી પરિવારની કિશોરી સાથે ઉમરા વિસ્તારમાં બે યુવકે છેડતી કરતા ઉત્રાણ પોલીસે ઝડપી પાડ્યા હતા. માતા-પિતા વતન ગયા હોય દીકરી ઉમરા ખાતે આવેલી સૌરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડિંગમાં રહેતી એક ઓળખીતી મહિલાની મદદે ગઈ હતી. ત્યાં બિલ્ડિંગમાં રાહુલ અને ગોપી નામના બે યુવકે તેનો રસ્તો રોક્યો હતો. બંને નરાધમોએ કિશોરી સાથે શારીરિક અડપલાં કરી છેડતી શરૂ કરી દીધી હતી. પ્રતિકાર કરતાં કિશોરી સીડી પરથી નીચે પટકાઈ હતી. બંનેએ કિશોરીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. માતા-પિતા જ્યારે વતનેથી પિતાના સહકર્મીએ ઘટનાની જાણ કરતાં પોલીસ ફરિયાદ કરતાં માઉત્રાણ પોલીસે બંનેને ઝડપી પાડ્યા હતા.

# પત્નીના હત્યા કેસમાં આરોપી પતિની પોલીગ્રાફ ટેસ્ટની માંગ ફગાવતી કોર્ટ

**સાળાએ** બનેવી સામે ફરિયાદ કરતાં પતિની ધરપકડ થઈ હતી

સુરતઃ પત્નીને ગળે ટુંપો દઈ હત્યા કેસમાં લિંબાયત પોલીસે આરોપી પતિની પોલીગ્રાફ ટેસ્ટની કરેલી માંગ કોર્ટે ફગાવી દીધી હતી. મૂળ મહારાષ્ટ્રના અને હાલ લિંબાયતનાં ક્રિષ્નાનગરમાં રહેતા કોન્ટ્રાક્ટ જીતેન્દ્ર માલીની પત્ની ૨૦ વર્સિય ગીતાંજલિ પોતાના રસોડામાંથી બેભાન અવસ્થામાં મળી આવ્યા બાદ મોત નીપજ્યું હતું. આ ઘટનામાં મૃતકનાં ભાઈ મહેન્દ્ર છોટુ માળીએ બનેવી જીતેન્દ્ર દિલીપભાઈ માળી સામે લિંબાયત પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી કે જીતેન્દ્ર દિલીપભાઈ માળીએ ફરીયાદીની બહેન ગીંતાજલ કોઈ સાથે વાતચીત કરતી હોવાનો વહેમ રાખી ઝઘડો કરી દુપટ્ટો વીટી ગળું દબાવીને મારી નાંખી હતી. લિંબાયત પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી પતિ જીતેન્દ્રની તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજ ધરપકડ કરી હતી. આરોપી હાલ લાજપોર જેલમાં હોય, પોલીસે વધુ તપાસ અર્થે આરોપીની પોલીગ્રાફ ટેસ્ટ માટે કોર્ટમાં અરજી કરતાં જેની સુનાવણી દરમિયાન આરોપી પક્ષે વકીલ રિધ્ધિશ મોદી અને મુકુંદ રામાણીએ આ અરજીનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે કોઈ પણ વ્યક્તિને તેની ઈચ્છા વિરુદ્ધ પોલીગ્રાફ ટેસ્ટ કરાવવા માટે મજબૂર કરી શકાય નહીં. આરોપીએ પણ પોલીગ્રાફ ટેસ્ટનો ઈન્કાર કર્યો હતો. પોલીગ્રાફની મંજૂરી કોર્ટે ખારિજ કરી હતી.

**આરોગ્ય મંત્રીની એક મુલાકાત અને સુરત સિવિલમાં વહીવટી ભૂકંપ**

# સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. ધારિત્રીની તાત્કાલિક બદલી, ડૉ. વડગામાને ચાર્જ સોંપાયો

**ગેરવ્યવસ્થાના** આક્ષેપો વચ્ચે અનેક ખામીઓ સામે આવી

સુરતઃ ગુજરાતના આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા દ્વારા કરવામાં આવેલી સુરત નવી સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત બાદ રાજ્યના આરોગ્ય તંત્રમાં મોટો વહીવટી ઝટકો અનુભવાયો છે. હોસ્પિટલની કામગીરી, દર્દીઓની સુવિધા અને સ્વચ્છતા મુદ્દે ગંભીર અસંતોષ વ્યક્ત થયા બાદ સરકારે તાત્કાલિક અસરથી સુરત સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. ધારિત્રી પરમારની બદલીનો નિર્ણય લીધો છે.

સરકારે ડૉ. ધારિત્રી પરમારને વડોદરા ખાતે ટ્રાન્સફર કરતાં તેમની જગ્યાએ ડૉ. પારૂલ વડગામાને સુરત સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ તરીકેનો વધારાનો ચાર્જ સોંપ્યો છે. આ નિર્ણયને માત્ર એક સામાન્ય બદલી નહીં પરંતુ આરોગ્ય વિભાગ દ્વારા કડક જવાબદારી નક્કી કરવાની શરૂઆત તરીકે જોવામાં આવી રહ્યો છે. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાની મુલાકાત દરમિયાન હોસ્પિટલના કેટલાક વિભાગોમાં ગંદકી, અસુવિધા સામે આવી હતી. ખાસ કરીને દર્દીઓ અને તેમના પરિવારજનો પાસેથી મળેલી રજૂઆતો બાદ મંત્રીએ હોસ્પિટલ તંત્ર પ્રત્યે ભારે નારાજગી વ્યક્ત કરી હોવાનું જાણવા મળે છે.

### નવા સુપરિન્ટેન્ડેન્ટ સામે વ્યવસ્થા સુધારવાનો પડકાર

હવે ડો. પારૂલ વડગામા માટે હોસ્પિટલની વહીવટી કામગીરીને ફરી પાટા પર લાવવાનો મોટો પડકાર રહેશે. દર્દીઓને ઝડપી અને ગુણવત્તાયુક્ત સારવાર, સ્વચ્છતા, સ્ટાફની જવાબદારી અને હોસ્પિટલ મેનેજમેન્ટમાં પારદર્શિતા લાવવા માટે નવા વડા કયા પગલાં લે છે તેના પર સૌની નજર રહેશે.

# આજથી પવિત્ર અધિક માસ શરૂ

**ચંદ્ર** અને સૂર્ય વર્ષ વચ્ચેનો તફાવત દૂર કરવા દર 3 વર્ષે એક અધિક માસ આવે છે

સુરતઃ પુરુષોત્તમ માસ એટલે આત્મશુદ્ધિ, સંયમ અને સેવા માટેનો અવસર માનવામાં આવે છે. આવતીકાલથી શરૂ થતાં અધિક માસ (પુરુષોત્તમ માસ) ને ધર્મ, દાન અને ઉપાસનાનો વિશેષ દિવસો ગણાય છે. જ્યોતિષાચાર્યો મુજબ આ માસ ભગવાન વિષ્ણુને સમર્પિત હોવાથી તેને “પુરુષોત્તમ માસ” તરીકે પણ ઓળખવામાં આવે છે અને આ સમયમાં કરાયેલા સદ્કર્મોનું પુણ્ય અનેક ગણું વધે છે. હિંદુ પંચાંગ ચંદ્ર અને સૂર્ય ગતિ પર આધારિત છે. ચંદ્ર વર્ષ અને સૂર્ય વર્ષ વચ્ચેનો તફાવત સમાવવા દર આશરે ૩ વર્ષમાં એક વધારાનો મહિનો ઉમેરવામાં આવે છે, જેને અધિક માસ કહેવામાં આવે છે.

### કુરુક્ષેત્ર સ્મશાન સુધી માત્ર શબવાહિનીને જ પ્રવેશ અપાશે

આ અધિક માસ દરમિયાન યોજાનારા ત્રિવેણી સંગમના કાર્યક્રમમાં ખુબ જ મોટી સંખ્યામાં લોકો આવવાનાં હોવાથી ટ્રાફિકની સમસ્યાનાં નિરાકરણ માટે કુરુક્ષેત્ર ધામમાં પ્રવેશ પાસેનાં મુખ્ય રસ્તા પર પાર્કિંગની વ્યવસ્થા રહેશે. જ્યારે કુરુક્ષેત્ર સ્મશાન સુધી માત્ર શબવાહિનીને જ પ્રવેશ અપાશે તેમ કમલેશ સેલરે જણાવ્યું હતું.

### મંદિરોમાં ભક્તોની ભીડ જામશે

અધિક માસ આવે ત્યારે મંદિરોમાં ભક્તોની ભીડ વધી જાય છે. ખાસ પૂજા, સત્સંગ, ભાગવત કથા અને ભજન કાર્યક્રમોનું આયોજન થાય છે.

### તાપી મૈયામાં સ્નાન કરવા લોકો ઉમટશે

અધિક માસમાં કરવામાં આવતું પવિત્ર સ્નાન ખાસ મહત્વ ધરાવે છે અને તેને પાપક્ષય તથા પુણ્યવૃદ્ધિનું સાધન માનવામાં આવે છે. બ્રહ્મમુહૂર્તમાં સ્નાન કરવાથી શરીર અને મન બંને શુદ્ધ થાય છે. અધિક માસમાં નિત્ય સ્નાનથી પાપોનો નાશ થાય છે. જપ, તપ અને દાનનું ફળ અનેક ગણું વધે છે. ત્યારે સુરતમાં તાપી નદીમાં સ્નાન કરવા લોકો ઉમટી પડશે. જહાંગીરપુરા તાપી કાંઠે વિશેષ સ્નાન માટેની વ્યવસ્થા પણ ઊભી કરવામા આવી છે.

### આ મહિને દાનને વિશેષ મહત્ત્વ

» અન્નદાન અને જળદાન » ગાય, ગરીબ અને જરૂરિયાતમંદોની સેવા
» ધાર્મિક ગ્રંથોનું વિતરણ » મંદિરોમાં સેવા અને યજ્ઞ

### અધિક માસ નિમિત્તે શ્રી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જીર્ણોદ્ધાર ટ્રસ્ટ દ્વારા ત્રણ કથા

અધિક માસ નિમિત્તે શ્રી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટ દ્વારા ત્રણ કથાનું આયોજન કર્યું હોવાની માહિતી ટ્રસ્ટનાં પ્રમુખ કમલેશ સેલરે આપી હતી. રામમઢી આશ્રમના સંત મુળદાસ બાપુના કંઠે તા. ૧૭-૫-૨૬ને રવિવારથી ઈશ્વરીય સત્વ તત્વ સાથે જોડાયેલા રાજારામ દ્વારકાધીશના, રાજારામ રણુજાના, રાજારામ રાજાશાહીના, રાજારામ લોકશાહીની કથા પાંચ દિવસ સુધી સંભળાવશે. રાત્રે રાજીવ વ્યાસના મધુર કંઠે ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખ્યો છે. ત્યારબાદ જાણીતા કથાકાર પરમ પૂજ્ય વિનોદભાઈ ભટ્ટ શાસ્ત્રીજી તા. ૨૭મી મેથી તારીખ ૨જી જૂન ૨૦૨૬ સુધી શ્રીમદ ભાગવતકથાનું રસપાન કરાવશે અને અધિક માસના અંતે જાણીતા કથાકાર પ્રફુલભાઈ શુક્લ તેમની વિશિષ્ટ શૈલીમાં રામચરિત

# મુસ્લિમ વકીલે સાથી હિન્દુ મહિલા વકીલનું શોષણ કર્યાની ફરિયાદ

**મહિલા** વકીલને માર મારી જ્ઞાતિસૂચક અપમાનજનક શબ્દો કહ્યા, એસીપી દ્વારા તપાસ

સુરતઃ ચોકબજારમાં આવેલી એક વકીલની ઓફિસમાં સાથે કામ કરતી ૩૪ વર્ષીય હિન્દુ મહિલા એડ્વોકેટને પ્રેમજાળમાં ફસાવી, તેની માંગમાં સિંદૂર ભરી તેમજ મંગળસૂત્ર પહેરાવી વર્ષો સુધી તેનું શારીરિક શોષણ કરવામાં આવ્યું હોવાની પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે.

ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, લિંબાયતના શાહપુરા વિસ્તારમાં આવેલા મુહમદી પેલેસ તેમજ ઓલપાડ રોડ પર વેરીબી વિક્ટોરિયામાં રહેતા રહીમ રઝાક મુસલમાન ઉર્ફે શેખ વ્યવસાયે એડ્વોકેટ છે અને ચોકબજાર વિસ્તારમાં પોતાની ઓફિસ ધરાવે છે. વર્ષ-૨૦૧૮ દરમિયાન તેની ઓફિસમાં ૩૪ વર્ષીય હિન્દુ યુવતી પણ એડ્વોકેટ તરીકે સાથે કામ કરતી હોવાથી બંને વચ્ચે પરિચય થયો હતો. પીડિતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા.૧૬ ઓગસ્ટ-૨૦૧૮ના રોજ આરોપી રહીમ રઝાકે ઓફિસની અંદર જ યુવતીની માંગમાં સિંદૂર ભરી દીધું હતું અને ગળામાં મંગળસૂત્ર પહેરાવી દીધું હતું. આરોપી વકીલે વર્ષો સુધી યુવતી સાથે અવારનવાર મરજી વિરુદ્ધ અને લાલચ આપીને શારીરિક સંબંધો બાંધ્યા હતા. જે બાદ તેને અન્ય યુવતી સાથે નિકાહ પઢી લીધા હતા. આ અંગે વિરોધ કરતાં રહીમ રઝાક ઉર્ફે શેખે પીડિતા સાથે ઓફિસમાં તેમજ બહાર અવારનવાર ગંભીર મારઝૂડ કરી લોહીલુહાણ કરી નાંખી હતી. તેમજ હિન્દુ યુવતીની જ્ઞાતિ બાબતે અત્યંત નીચલા સ્તરની અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. વધુ તપાસ એસીપી એમડી ઉપાધ્યાય કરી રહ્યા છે.